# Virtual Meeting between EAM and Finance Minister of Sri Lanka H.E. Basil Rajapaksa

January 15, 2022

# વિદેશમંત્રી અને શ્રીલંકાના નાણામંત્રી બેસિલ રાજાપક્ષા વચ્ચે વર્ચ્યુઅલ બેઠક

જાન્યુઆરી 15, 2022

વિદેશમંત્રી ડો. એસ. જયશંકરે 15 જાન્યુઆરી, 2022ના રોજ શ્રીલંકાના નાણામંત્રી બેસિલ રાજાપક્ષા સાથે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. ગયા મહિને શ્રી રાજાપક્ષાની ભારત મુલાકાત પછી આ વાતચીત થઈ હતી.

2. વિદેશમંત્રીએ શ્રીલંકાના નાણા મંત્રી અને સરકાર તથા શ્રીલંકાના લોકોને વર્ષ 2022 માટે તેમના પોતાના વતી અને સરકાર તથા ભારતના લોકો વતી શુભેચ્છા પાઠવી હતી. તેમણે ભારતમાં અને શ્રીલંકામાં બંને જગ્યાએ ઉજવાતા પોંગલના તહેવાર નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી હતી.

3. ડૉ. જયશંકરે જણાવ્યું કે ભારત હંમેશા શ્રીલંકાની પડખે ઊભું રહ્યું છે, અને કોવિડ-19 રોગચાળાને કારણે ઊભા થયેલા આર્થિક અને અન્ય પડકારોને પહોંચી વળવા માટે શ્રીલંકાને શક્ય તમામ રીતે સમર્થન આપવાનું ચાલુ રાખશે. નજીકના મિત્રો અને દરિયાઈ પડોશીઓ તરીકે ભારત અને શ્રીલંકા બંને એકબીજા સાથે ગાઢ આર્થિક સંબંધોથી લાભ મેળવી શકશે.

4. બંને મંત્રીઓએ સકારાત્મક રીતે એ બાબતની નોંધ કરી હતી કે સાર્ક કરન્સી સ્વેપ વ્યવસ્થા હેઠળ શ્રીલંકાને 40 કરોડ ડોલરની સહાય કરવામાં આવી છે અને 51.52 કરોડ ડોલરના એસીયુ સેટલમેન્ટને બે મહિના માટે લંબાવવામાં આવ્યા છે જેથી શ્રીલંકાને મદદ મળશે.

5. બંને મંત્રીઓએ ખાદ્ય પદાર્થો, આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓ માટે એક અબજ ડોલરની ભારતીય ક્રેડિટ સુવિધા અને ભારતથી ઈંધણની આયાત કરવા માટે 50 કરોડ ડોલરની સહાય અંગે પ્રગતિની સમીક્ષા કરી હતી.

6. શ્રી રાજપક્ષેએ શ્રીલંકા સાથે ભારતના લાંબા સમયથી ચાલતા સહકારને યાદ કર્યો હતો અને સમર્થનની ઊંડી પ્રશંસા કરી હતી. તેમણે શ્રીલંકામાં બંદરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા, પુનઃપ્રાપ્ય ઉર્જા, પાવર અને મેન્યુફેક્ચરિંગ સહિતના મહત્વના ક્ષેત્રોમાં ભારતીય રોકાણોનું સ્વાગત કર્યું હતું અને ખાતરી આપી કે આવા રોકાણોને પ્રોત્સાહિત કરવા માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવશે. આ સંદર્ભમાં બંને મંત્રીઓએ નોંધ્યું કે શ્રીલંકા સરકાર દ્વારા ત્રિંકોમાલી ઓઈલ ટેન્ક ફાર્મ્સને સંયુક્ત રીતે આધુનિક બનાવવા માટે લેવામાં આવેલા તાજેતરના પગલાં શ્રીલંકાની ઉર્જા સુરક્ષાને વધારવા ઉપરાંત રોકાણકારોનો વિશ્વાસ વધારશે.

7. વિદેશમંત્રીએ શ્રીલંકામાં અટકાયતમાં લેવાયેલા ભારતીય માછીમારોનો મુદ્દો ઉઠાવ્યો હતો.  તેમણે શ્રીલંકા સરકારને માનવતાના ધોરણે માછીમારોને વહેલાસર મુક્ત કરવા માટે વિનંતી કરી હતી.

8. બંને મંત્રીઓ સહિયારી પ્રગતિ માટે તથા સમૃદ્ધિ માટે લાંબા ગાળાની આર્થિક ભાગીદારી તરફ પરસ્પર લાભદાયી દ્વિપક્ષીય આર્થિક સહયોગને માર્ગદર્શન આપવા માટે એક બીજા સાથે ગાઢ સંપર્કમાં રહેવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**15 જાન્યુઆરી 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.